જીવનમાં બને એટલી ચાલાકી ઓછી કરો, ઉપરવાળાની મહેરબાની વધારે મળશે જ
- કનૈયાલાલ મુન્શી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૭૪ | ૪ સપ્ટેમ્બર, ૨૦૧૩, બુધવાર; શ્રાવણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ડી.જી. વણઝારાનો સ્ફોટક પત્ર

## ગુજરાત સરકારને માત્ર અમિત શાહને બચાવવામાં જ રસ છે : મોદીને પહેલાં ભગવાનની જેમ પુજતા હતા પરંતુ હવે વિશ્વાસ ઉઠી ગયો : ૧૦ પાનાના પત્રમાં ઉલ્લેખ

ગાંધીનગર, તા.૩ ગુજરાતના આઈપીએસ અધિકારી અને એન્કાઉન્ટર કેસોના આરોપી ડી.જી.વણઝારાએ આજે ગૃહ મંત્રાલયને પોતાના એડી.ડીજીપીના પદ પરના રાજીનામાનો ૧૦ પાનાનો એક પત્ર લખી મોકલાવ્યો હતો. જેલમાં ગયા બાદ આજે છ વર્ષ પછી આ રાજીનામાંના પત્રમાં વણઝારાએ મોદી સરકાર પર ચોંકાવનારા આક્ષેપો કર્યા છે.

વણઝારાએ એન્કાઉન્ટરનો રાજકીય ઉપયોગ થવાની કબુલાત કરીને તત્કાલીન ગૃહમંત્રી અમિત શાહ પર પણ સનસનાટી ભર્યા આરોપો મુક્યા હતા.

### વણઝારાએ પત્રમાં શું લખ્યું ?

- ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ભગવાનની જેમ પહેલા માનતા હતા પરંતુ હવે વિશ્વાસ તૂટી ગયો છે
- ગુજરાત સરકારને માત્ર અમિત શાહને બચાવવામાં જ રસ છે
- અન્ય પોલીસ અધિકારીઓને જેલમાં રાખવાના પ્રયાસ થઈ રહ્યા છે
- સરકાર રાજકીય ફાયદો ઉઠાવવાની પણ કોશિશ કરી રહી છે
- જેલમાં રહેલા પોલીસ અધિકારીઓના મુદ્દે હળવું વલણ અપનાવાયું છે
- પોલીસ અને સરકાર એક જ હોડીમાં છે અને એક ડુબશે તો બીજા પણ નહીં બચી શકે
- પોલીસ અધિકારીઓનો ગેર ઉપયોગ કરવામાં આવ્યો છે



વણઝારાએ રાજીનામાના પત્રમાં લખ્યું છે કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તેમને આ કેસમાં કોઈ જ મદદ કરી નથી.તેમની કોઈ જ -કારની કાળજી રાખવામાં આવી નથી.તેમણે આ પત્રમાં લખ્યું હતું કે તે અમિત શાહ અને મોદીને ભગવાન માનતા હતા.પરંતુ તેમની ગણતરી ખોટી પડી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમિત શાહ ભાગલા પાડો અને રાજ કરોની નીતિમાં માને છે.જયારે આ કેસમાં તેમના ગળા પર પોલીસનો સકંજો કસાઈ રહ્યો હતો ત્યારે તેમણે જેઠમલાણીને વકીલ તરીકે રોકયા હતા અને કેસને ગુજરાતની બહાર લઈ ગયા હતા.અને અમિત શાહને કારણે જ આ કેસ ગુજરાતની બહાર ગયો હતો. અમિત શાહને બચાવવા માટે સરકારે રામ જેઠમલાણીને પણ રોકયા. સરકાર સુપ્રીમ કોર્ટ સુધી પણ લડી અને ૩ મહિનામાં જ તેમને છોડાવી લીધા. હું, રાજકુમારપાંડિયન અને દિનેશ એમએન જયારે સીઆઈડી ક્રાઈમનો ભોગ બન્યા ત્યારે સરકારે અમને કોઈ કાનૂની સહાય ન કરી. સરકારે અમારા પરિવારની પણ રક્ષા ન કરી.

વણઝારાએ પત્રમાં વધુમાં જણાવ્યું છે કે, અનેક એવા ઘટનાક્રમો બન્યા છે જેનાથી હું અને મારા ઓફિસરો છેતરાયાની લાગણી અનુભવીએ છીએ.

● અનુસંધાન પાન-૭ પર

# કેન્દ્ર સરકારે અદાણી પોર્ટને ૨૦૦ કરોડનો દંડ ફટકાર્યો

## કચ્છના મુંન્દ્રા પોર્ટની કાર્યવાહીથી પર્યાવરણને નુકસાન થયું હોવાનો રિપોર્ટ : ક્રિકને બ્લોક કરી છે

ગાંધીનગર, તા.૩ ગુજરાત બેઝ અદાણી ગ્રુપને ભારત સરકારે ૨૦૦ કરોડનો દંડ ફટકાર્યો છે. કેન્દ્રના પર્યાવરણ વિભાગે નોંધ્યું છે કે કચ્છના મુંન્દ્રા પોર્ટમાં અદાણી ગ્રુપે તેના પોર્ટને ડેવલપ કરવા માટે મેન્ગ્રુવ્સ અને ક્રીક એરિયામાં મોટું નુકશાન કર્યુ છે.

અદાણી દ્વારા થયેલા નુકશાન અંગે ભારત સરકારે એક કમિટી બનાવી હતી. આ કમિટીના રિપોર્ટમાં એવું આવ્યું છે કે અદાણીએ પોર્ટના વિકાસમાં પર્યાવરણને નુકશાન કર્યુ છે. મુંન્દ્રામાં અદાણી એસઈઝેડ પણ બનાવી રહ્યું છે. સરકારી જમીન ઉપર દબાણ અને પર્યાવરણને નુકશાન અંગેની વ્યાપક ફરિયાદોના આધારે કેન્દ્ર સરકારે આ દંડ કર્યો છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે પર્યાવરણીય કિલયરન્સનો ભંગ કર્યો હોવાથી અદાણીના -ોજેક્ટને સસ્પેન્ડ કેમ ન કરવો તેનો વિચાર થઈ રહ્યો છે, જો કે તેના માટે વધારે

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૭માં મોડીસાંજે યુવતિનું અપહરણ : શહેરભરમાં નાકાબંધી

ગાંધીનગર, તા.૩ સેક્ટર-૨૭ના ધાર્મિક સ્થાન પાસેથી રાત્રે ૯ વાગ્યાની આસપાસ સ્કોર્પિયો ગાડીમાં આવેલા ત્રણ-ચાર યુવાનોએ એક યુવતિનું અપહરણ કરી ભાગી છૂટયા હતા. નજરે જોનારાઓની માહિતી માનીએ તો પાટણ જીલ્લાની પાસીંગ વાળી ગાડીમાં ચારેક યુવાનો ચૂપચાપ સેક્ટરમાં આવ્યા હતા અને મંદિરે દર્શન કરવા આવેલી યુવતિને બળજબરીપૂર્વક ગાડીમાં નાખી ગાડી ભગાવી હતી. પોલીસે મોડીરાત સુધી નાકાબંધી કરી તપાસ હાથ ધરી હતી.
















